કેસ દાખલ કર્યા તા.૩૧/૧૦/૨૦૧૫

કેસ રજી.કર્યા તા.૧૮/૦૧/૨૦૧૭

કેસ ફેંસલ કર્યા તા.૦૯/૦૭/૨૦૨૪

અવધિ :વર્ષ–૦૭, માસ– ૦૫, દિવસ–૨૧

**નવસારીના મહે.બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મું. નવસારી.**

ફોજદારી કેસ નં.: ૩૨૧/૨૦૧૭

આંક–૪૪

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ : **(૧) પીન્ટુ પરસોતમભાઈ પટેલ (સી.આર.પી.સી.૨૯૯ મુજબ)**

**(૨) સનદ ઉર્ફે લાલો રમેશભાઈ કો.પટેલ**
ઉ.વ.૨૮, રહે–ઘર નં.૨૪, દિવાળીનગર નાની દમણ

**(૩) રમેશભાઈ ઉર્ફે રમેશ માઈકલ જગુભાઈ કો.પટેલ**
ઉ.વ.૪૬, રહે–ભીમપોર કુંડ ફળીયા, સંઘપ્રદેશ દમણ

---

**ગુનો: ધી ગુજરાત દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૯૮,૯૯ મુજબ**

ફરીયાદ પક્ષ તરફે વિ.સરકારી વકીલ શ્રી જે.બી.પટેલ
આરોપી નં.૧ તરફે કોઈ નથી. આરોપી નં.૨ ,૩ તરફે વિ.વકીલ શ્રી એસ.કે.ઠક્કર

---

## –:: ચુકાદો ::–

(૧) **ફરીયાદપક્ષની હકીકત :–** સદર કેસમાં ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૩૧/૧૦/૨૦૧૫ ના રોજ એકબીજાની મદદગારીથી મોજે અષ્ટગામ રાજન હોટલથી ૫૦૦ મીટર આગળ મુંબઈ થી અમદાવાદ જતા રોડ ઉપર ટાટા ટ્રક નં.એમએચ.૦૪.ડીકે.૪૪૭૮ માં વ્હીસ્કી તથા ટીન બીયર કુલ નંગ –૨૩,૫૪૪, કિં.રૂા.૧૯,૭૦,૪૦૦/– તથા ટ્રકની કિં.રૂા.૨૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂા.૩૯,૭૦,૪૦૦/– નો મુદ્દામાલ મળી આવેલ. સદર ટ્રકના ડ્રાઈવર આરોપી ક્રિષ્ણકુમાર માતાપ્રસાદ યાદવને અગાઉ અટક કરી અલગ ચાર્જશીટ કરવામાં આવેલ જ્યારે હાલના આરોપીઓ બાદમાં પકડાઈ જઈ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ધી ગુજરાત દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૨),૮૧,૯૮,૯૯ મુજબનો ગુનો અત્રેની અદાલતની સ્થાનિક હકૂમતમાં કરતાં આરોપીઓ વિરુધ્ધ ફરીયાદીએ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં. થર્ડ–૧૧૨૨/ ૨૦૧૫ થી ફરીયાદ નોંધાવેલ અને ત્યારબાદ, ગુનાની તપાસ કરનાર અમલદારશ્રીએ જરૂરી પંચનામા કરી, લાગતાં –વળગતાં સાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) **અદાલતની કાર્યવાહી :–** સદર કેસમાં કથિત આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ થયા બાદ આરોપી નં.૨,૩ નાઓને ધોરણસર સમન્સની બજવણી થયેલ છે. આરોપીઓ તેમના વિ.વકીલશ્રી

સાથે અદાલતમાં હાજર થતાં તેઓને ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૦૭ મુજબ તપાસનાં કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. નકલો મળી ગયા અંગેની ખાત્રી કરી આંક-૧૭ થી તહોમતનામું ફરમાવી, આંક-૧૯ તથા આંક-૨૦ થી આરોપી નં.૨,૩ નું નિવેદન નોંધવામાં આવેલ છે. વધુમાં આરોપી નં.૧ ને વારંવાર સમન્સ તથા જામીનદારને નોટિસ કરવા છતા કોઈ હાજર થયેલ નથી જેથી નામદાર કોર્ટ દ્વારા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી કથિત આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનું અને પુરાવો સુનિશ્ચિત કરવાનું મુનાસિબ માનીને નામદાર ગુજરાત વડી અદાલતના પરિપત્ર નં. સી.૨૬૧૮/૨૦૧૬ ને વંચાણે લઈ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૯૯ મુજબ ગઈ તા. ૧૧/૧૦/૨૦૨૩ ના રોજ આરોપી વિરૂધ્ધ આંક-૦૧ હેઠળ હુકમ કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ તથા સદર કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) **<u>ફરીયાદપક્ષનો પુરાવો</u>:-** આ કામે કથિત આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

| -:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::- | | |
|---|---|---|
| **ક્રમ** | **વિગત** | **આંક** |
| ૧ | ફરીયાદી જગદીશભાઈ જગમોહનભાઈ ભંડારીની જુબાની | ૨૧ |
| ૨ | ફરીયાદ | ૨૨ |
| ૩ | સાહેદ જયેશકુમાર નટુભાઈ પંચાલની જુબાની | ૨૩ |
| ૪ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું | ૨૪ |
| ૫ | ત.ક.અ.કલ્યાણભાઈ રામભાઈ કેશરીચાની જુબાની | ૩૦ |
| ૬ | પંચ સાહેદ નુરખાન રસુલખાનની જુબાની | ૩૪ |
| ૭ | અટક પંચનામા | ૩૫-૩૬ |
| ૮ | પંચ સાહેદ રિયાઝખાનની જુબાની | ૩૭ |
| ૯ | ત.ક.અ.બાબુભાઈ પીરાભાઈ રજીયાની જુબાની | ૩૮ |
| ૧૦ | પંચ સાહેદ નરેશભાઈ લલ્લુભાઈ પટેલની જુબાની | ૩૯ |
| ૧૧ | અટક પંચનામુ | ૪૦ |

(૪) **<u>આરોપીનું વિશેષ નિવેદન</u>:-** સદર કામે મુદ્દામાલ રીકવરી પંચ સાહેદોનો મહત્વનો પુરાવો પૂર્ણ થયા બાદ કેસની હકીકતોથી સુપેરે માહીતગાર એવાં ફરીયાદપક્ષ સરકાર તરફે વિ.એપીપીશ્રી ધ્વારા વધુ પુરાવો આપવો નથી તથા તેમનો પુરાવો પુરો થયેલાની હકીકત મૌખિક રીતે જાહેર કર્યા બાદ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૩૧૩ મુજબ આરોપી નં.૨,૩ નું વધારાનું નિવેદન નોંધવા યોગ્ય પુરતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોઈ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના કેસની મહત્વની તમામ હીકકતોનો ઈન્કાર કરેલ છે, પોતાના બચાવમાં સાહેદો તપાસવાનો પણ ઈન્કાર કરેલ છે, પોતે સોંગદ ઉપર જુબાની આપવાનો પણ ઈન્કાર કરેલ છે અને વિશેષમાં પોતે નિર્દોષ હોઈ છોડી મુકવા વિનંતી ગુજારેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષ સરકાર તરફે વિ.એપીપીશ્રીની તથા

બચાવપક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૫) **<u>પક્ષકારોની દલીલ</u>:–** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ અને આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવ્યા પછી પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

**(૫.૧) ફરીયાદપક્ષની દલીલ:–** ફરીયાદપક્ષ સરકાર તરફે વિ.એ.પીપીશ્રીએ પોતાની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, સદર કેસમાં કથિત આરોપીને મુદ્દામાલ દારૂ સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવેલ છે. જે બાબતે કેસની હકીકતને સાહેદોની જુબાનીથી પણ સમર્થન મળે છે. સદરી સાહેદોનો પુરાવો નહીં માનવાને કોઈ કારણ નથી. આમ, સાહેદોની જુબાની સહિતના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ છે, જેથી આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબની મહત્તમ સજા થવી જોઈએ, તેવી વિનંતી ગુજારેલ છે.

**(૫.૨) બચાવપક્ષની દલીલ:–** બીજી બાજું, બચાવપક્ષ તરફે કથિત આરોપીના વિ.વકીલશ્રીએ પોતાની મૌખિક રજૂઆતમાં જણાવેલ છે કે, સદર કેસના સાહેદોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી આરોપી સામેનો કેસ સાબિત થતો નથી. સદર કેસમાં ગુનાવાળી જગ્યાના પંચો તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેના પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. જેથી પંચનામાં પુરવાર થયેલાનું માની શકાય નહી. કહેવાતો બનાવ નજરે જોનાર કોઈ સાક્ષી નથી. કોઈ સ્વતંત્ર સાહેદો નથી. ફરીયાદની હકીકત મુજબ કથિત આરોપી રંગેહાથ ઝડપાયેલા નથી. ફરીયાદમાં પંચોના નામ–સરનામાં જણાવેલાં નથી. જેથી, પહેલાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકત માની શકાય તેમ નથી. કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલની માલિકી અંગેના કે મકાનની માલિકી કે કબ્જા ભોગવટા અંગેના કે બનાવવાળી જગ્યાની માલિકી અંગેના કોઈ આધાર –પુરાવા રજુ રાખવામાં આવેલ નથી. કહેવાતા ગુનાવાળી જગ્યાની આસપાસના કોઈ સાહેદોનાં નિવેદનો લેવામાં આવેલ નથી કે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. હાલના કેસમાં કથિત આરોપીને બનાવ સ્થળેથી રંગેહાથ ઝડપી પાડવામાં આવેલ હોવાનો આક્ષેપ છે છતાં તપાસનીશ અધિકારી દ્ધાર કે રેઈડ પાર્ટીના કોઈ સભ્ય દ્ધારા કથિત આરોપીની ઓળખ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે તેમના ઓળખના કોઈ પુરાવા લેવામાં આવેલ નથી. કબ્જે કરવામાં આવેલ કહેવાતો પદાર્થ વિદેશી દારૂ જ હતો કે કેમ, તેની સ્પષ્ટતા કે ખરાઈ કરતો કોઈ અહેવાલ કે એફ.એસ.એલ. રીપોર્ટ ચાર્જશીટ સાથે રજુ રાખવામાં આવેલ નથી. આમ, હાલના કેસમાં કથિત આરોપીને સંડોવતો કોઈ સીધો કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. સદર કેસમાં કોઈ જ મુદ્દામાલ કથિત આરોપી પાસેથી કબ્જે કરવામાં આવેલ નથી. આમ, કથિત આરોપીને કસુરવાર સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. કહેવાતાં બનાવ વખતે હાલના કથિત આરોપીની બનાવ સ્થળે હાજરી સાબિત કરવામાં પણ ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. જેથી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી ગુજારેલ છે.

(૬) ફરીયાદીની ફરીયાદ હકીકત, રેકર્ડમાં રજૂ થયેલા તમામ મૌખિક/દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષના કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૩૧/૧૦/૨૦૧૫ ના રોજ

એકબીજાની મદદગારીથી મોજે અષ્ટગામ રાજન હોટલથી ૫૦૦ મીટર આગળ મુંબઈ થી અમદાવાદ જતા રોડ ઉપર ટાટા ટ્રક નં.એમએચ.૦૪.ડીકે.૪૪૭૮ માં વ્હીસ્કી તથા ટીન બીયર કુલ નંગ–૨૩,૫૪૪, કિં.રૂા.૧૯,૭૦,૪૦૦/– તથા ટ્રકની કિં.રૂા.૨૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂા.૩૯,૭૦,૪૦૦/– નો મુદ્દામાલ મળી આવેલ. સદર ટ્રકના ડ્રાઈવર આરોપી ક્રિષ્ણકુમાર માતાપ્રસાદ યાદવને અગાઉ અટક કરી અલગ ચાર્જશીટ કરવામાં આવેલ જયારે હાલના આરોપીઓ બાદમાં પકડાઈ જઈ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ધી ગુજરાત દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૨),૮૧,૯૮,૯૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) પક્ષકારોની દલીલો, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

(૮) ફરીયાદની હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ તથા દલીલો ધ્યાનમાં લેતાં, ઉપરોકત મુદ્દાઓના જવાબ અંગેના મારા વિગતવારના કારણો તથા તારણો નીચે મુજબ છે.

**–:: <u>કારણો</u> ::–**

**મુદ્દા નં.૧ તથા ૨ ના કારણો :–**

**<u>પુરાવાનું મૂલ્યાંકન અને નિષ્કર્ષના કારણો</u>:–**

**(૮.૧) <u>કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત</u> :–** ફોજદારી ન્યાયપ્રણાલીમાં ફરીયાદપક્ષે કથિત આરોપી સામેનું તહોમત તમામ શંકાથી પર નિ:શંકપણે સાબિત કરવાનું હોય છે. ટૂંકમાં, કથિત આરોપી દોષિત છે તેવું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષનો પુરાવો સીધો, સચોટ, સ્પષ્ટ અને વિશ્વસનીય હોવો જોઈએ. કથિત આરોપીને પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. બીજું કે, ન્યાયની પ્રક્રિયા અનુસરીને કથિત આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી કથિત આરોપી નિર્દોષ જ છે, તેવી ધારણા કરીને જ અદાલતોએ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે. સદર અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે સીધો, સચોટ, સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. પોતાનો કેસ સાબિત કરવામાં ફરીયાદપક્ષ ભુલ કે ચુક કરે અને એકાદ ખુટતી કડી જોડવાની રહી જાય તો તેનો સીધો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે. આવા સંજોગોમાં કથિત આરોપી દોષમુકિતનો કે શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. '' પુરાવાનું મુલ્યાંકન'' શબ્દ માત્ર ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ પણ સ્થળે વ્યાખ્યાચિત કરવામાં આવેલો નથી પરંતુ, ''પુરાવાનું મુલ્યાં કન '' માત્રને માત્ર ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૩ માં દર્શાવેલ PROV અને NOT PROV શબ્દો ઉપર અવલંબે છે. કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવું કે બિનઅસ્તિત્વ સાબિત માનવું, તે મુલ્યાંકનનો વિષય છે. આ પૃષ્ઠભૂમિકાના સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરી ફરીયાદપક્ષ કથિત આરોપી સામેનો પોતાનો કેસ કે તહોમત નિ:શંકપણે સાબિત કે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે કેમ ?, તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૮.૨) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તેમજ પંચસાહેદો જેવાં મહત્વના સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે. ફરીયાદપક્ષ તરફે અટક પંચનામાનાં પંચ સહેદોને અનુક્રમે આંક–૩૪,૩૭ તથા આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેમજ તેમની જુબાની દરમ્યાન અટક પંચનામા આંક–૩૫,૩૬ તથા આંક–૪૦ થી રેકર્ડ ઉપર નોંધી વંચાણે લેવામાં આવેલ છે. પરંતુ, સદર પંચ સાહેદોએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઈ ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી ધ્વારા તેઓને ફરીય ગયેલા/વિમુખ થયેલા સાહેદ જાહેર કરીને તેઓની વધુ ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ જ હકીકત જણાવતાં નથી. જેથી, સદર પંચ–સાહેદોની ઉલટતપાસ બચાવપક્ષ તરફે આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ છે જેમાં તેમણે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદરી પંચસાહેદોએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાયની તમામ હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ.ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી.મહારાષ્ટ્ર ૪૨૧) ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, જયારે પંચસાહેદો ધ્વારા પંચનામાની હકીકતને સમર્થન મળતું ન હોય તો તેવાં સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી પણ ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહીં. હાલના કેસમાં ૩૫,૩૬ તથા આંક–૪૦ થી રજુ થયેલ પંચનામું સાબિત થયેલાનું માની શકાય નહીં. આમ, કથિત આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ દારૂ કબ્જે કરવામાં આવેલ હોવાની હકીકત પણ સાબિત થતી નથી.

(૮.૩) વધુમાં આ કામે આંક–૨૧ થી ફરીયાદી જગદીશભાઈ જગમોહનભાઈ ભંડારીને સોગંદ ઉપર તપાસેલા છે. ફરીયાદીએ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે. ફરીયાદીની જુબાની દરમ્યાન આંક–૨૨ થી ફરીયાદ રજૂ થયેલ છે. સદર સાહેદની ઉલટતપાસ બચાવપક્ષ તરફે આરોપી નં.૨,૩ ના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ અમુક હકીકતો કબુલ રાખતા જણાવે છે કે એ વાત ખરી છે કે, તેઓને રોજે રોજની કામગીરીની ડાયરી નિભાવવાની હોય છે. બાતમી તેઓને મળેલ નહી. તેઓ રેડમાં સામેલ હતા. તે વખતે કોઈ આરોપી પકડાયેલ નહી. એ વાત ખરી છે કે,બાતમી લેખિત મળેલ કે મૌખિક મળેલ તે ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બાતમીની નોંધ કોઈ જગ્યાએ કરેલ હોય તેવુ તેઓએ જોયેલ નથી. એ વાત ખરી છે કે, રાતના સમયે રેડ કરવાની હોય ત્યારે બાતમીની નોંધ કરવાની ફરજિયાત છે. એ વાત ખરી છે કે, બાતમી કોઈ વખત ખરી પણ હોય અને કયારેક ખોટી પણ હોય. બાતમીની કોઈ ખરાઈ કરેલ નહી. એ વાત ખરી છે કે, પ્રાથમિક પંચનામું કરેલ નથી. પંચોને ફોન કરીને બોલાવેલા. પંચોને તેઓએ બોલાવેલા નહી. આ બંને પંચો કાયમી પંચો છે. ઓફિસમાંથી નીકળેલા ત્યારે કઈ કઈ વસ્તુ લઈને નીકળેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ઓફિસમાંથી નીકળેલા ત્યારે લેપટોપ,પ્રિન્ટર, ટેપ રેકોર્ડર,ડેટા કેબલ,ઓફિસનું શીલ લઈને નીકળેલ નહી. એ વાત ખરી છે કે, હાલનાં આરોપીનું નામ ફરીયાદમાં જણાવેલ નથી.

(૮.૪) વધુમાં આ કામે આંક–૨૩ થી સાહેદ જયેશકુમાર નટુભાઈ પંચાલને સોગંદ ઉપર તપાસેલા છે. સાહેદે પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે. સાહેદની જુબાની દરમ્યાન આંક–૨૪ થી મુદ્દામાલ

કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ છે. સદર સાહેદની ઉલટતપાસ બચાવપક્ષ તરફે આરોપી નં.૨,૩ ના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ અમુક હકીકતો કબુલ રાખતા જણાવે છે કે એ વાત ખરી છે કે, તેઓને રોજે રોજની કામગીરીની ડાયરી નિભાવવાની હોય છે. બાતમી તેઓને મળેલ નહી. તેઓ રેડમાં સામેલ હતા. તે વખતે કોઈ આરોપી પકડાયેલ નહી. એ વાત ખરી છે કે,બાતમી લેખિત મળેલ કે મૌખિક મળેલ તે ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બાતમીની નોંધ કોઈ જગ્યાએ કરેલ હોય તેવુ તેઓએ જોયેલ નથી. એ વાત ખરી છે કે, રાતના સમયે રેડ કરવાની હોય ત્યારે બાતમીની નોંધ કરવાની ફરજિયાત છે. એ વાત ખરી છે કે, બાતમી કોઈ વખત ખરી પણ હોય અને કયારેક ખોટી પણ હોય. બાતમીની કોઈ ખરાઈ કરેલ નહી. એ વાત ખરી છે કે, પ્રાથમિક પંચનામું કરેલ નથી. પંચોને ફોન કરીને બોલાવેલા. પંચોને તેઓએ બોલાવેલા નહી. આ બંને પંચો કાયમી પંચો છે. ઓફિસમાંથી નીકળેલા ત્યારે કઈ કઈ વસ્તુ લઈને નીકળેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ઓફિસમાંથી નીકળેલા ત્યારે લેપટોપ,પ્રિન્ટર, ટેપ રેકોર્ડર,ડેટા કેબલ,ઓફિસનું શીલ લઈને નીકળેલ નહી. એ વાત ખરી છે કે, હાલનાં આરોપીનું નામ ફરીયાદમાં જણાવેલ નથી.

**(૮.૫)** વધુમાં આ કામે આંક–૩૦ થી ત.ક.અ.કલ્યાણભાઈ રામભાઈ કેશરીયાને સોગંદ ઉપર તપાસેલા છે. ત.ક. અમલદારે પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે. સદર ત.ક.અ.ની ઉલટતપાસ બચાવપક્ષ તરફે આરોપી નં.૨,૩ ના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ અમુક હકીકતો કબુલ રાખતા જણાવે છે કે એ વાત ખરી છે કે, સનત અને રમેશનું નામ સહ આરોપીના નિવેદનમાં ખુલેલ છે. એ વાત ખરી છે કે, આ બંને આરોપી પાસેથી જે તે વખતે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. દરેક બોટલ ઉપર પંચોની સહીવાળી કાપલી લગાડેલ નથી. સનત અને રમેશની તેઓએ અટક કરેલ નથી.

**(૮.૬)** વધુમાં આ કામે આંક–૩૮ થી ત.ક.અ.બાબુભાઈ પીરાભાઈ રજયાને સોગંદ ઉપર તપાસેલા છે. ત.ક. અમલદારે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૬ માં તેઓ પી.એસ.આઈ.તરીકે એલ.સી.બી.માં ફરજ બજાવતા હતા. દરમ્યાન ઉપરોકત ગુનાની તપાસ આરોપી સનત રમેશ પટેલ સાથે પી.આઈ.જે.એન.પંચાલ પાસેથી સંભાળી લીધેલ અને આરોપીની પુછપરછ કરેલ અને કાયદેસરની કાર્યવાહી કરી નામ.કોર્ટમાં મોકલી આપેલ. ત્યાર બાદ તેઓની બદલી થઈ જતા આગળની તપાસ પી.એસ.આઈ.એસ.જી.દેસાઈને સુપ્રત કરેલ.સદર ત.ક.અ.ની ઉલટતપાસ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ નથી.

**(૮.૭)** આમ, સદર કેસનો સમગ્ર પુરાવો સાગમટે વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, હાલના કેસમાં સ્વતંત્ર સાહેદોની જુબાની પરથી પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી. જેથી, હાલના કેસનો મુદ્દામાલ દારૂ કબ્જે કરવામાં આવ્યો તે વખતે બનાવવાળી જગ્યાએ આરોપીની હાજરી નિ:શંકપણે પુરવાર થતી નથી. હાલના કામે તપાસનીશ અધિકારીશ્રીએ પંચ–સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. ઉપરાંત, કહેવાતો મુદ્દામાલ જે જગ્યાએથી કબ્જે કરવામાં આવેલ તે જગ્યાની માલિકી બાબતેનો કે કબ્જા ભોગવટા બાબતેનો કોઈ આધાર–પુરાવો હાલના કામે મેળવેલ નથી કે રજૂ રાખેલ નથી. પ્રાથમિક પંચનામું થયેલ નથી કે કરવામાં આવેલ નથી. પંચનામાનું વીડિયો રેકોર્ડિંગ કરેલ નથી

કે પંચનામા વખતના કોઈ ફોટા પણ પાડેલ નથી. અને જો પંચનામાનું વીડિયો રેકોર્ડીંગ કરેલ હોય કે પંચનામા વખતના કોઈ ફોટા પાડેલ હોય તો તે તપાસના કામે હાલના કેસની ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી. ગુનાવાળી જગ્યાનો કે સ્થળ સ્થિતિનો કોઈ નકશો બનાવેલ નથી. મુદ્દામાલ વિદેશી દારૂ જે જગ્યાએથી મળી આવ્યો તેને હાલના આરોપી સાથે સીધી કે આડકતરી રીતે સાંકળી શકે તેવો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ થયેલ નથી. કહેવાતો મુદ્દામાલ વિદેશી દારૂ જ હતો કે કેમ, તે દર્શાવતો કોઈ સ્પષ્ટ અહેવાલ કે એફ.એસ.એલ.રીપોર્ટ કે આધાર–પુરાવો રજુ નથી. આમ, ફરીયાદી તથા તપાસનીશ અધિકારી પોતે પોલીસના જ માણસો હોઈ તેઓને પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે તે બાબત સ્વાભાવિક છે, પરંતુ પંચ–સાહેદોની જુબાનીથી કેસની હકીકતોને સમર્થન મળેલ નથી.

(૯) આમ, ઉપરોકત પુરાવો નજર સમક્ષ રાખતાં આ કામના આરોપીઓએ ધી ગુજરાત દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૨),૮૧,૯૮,૯૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધની હકીકતોનો કેસ સાબિત કરવામાં સફળ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપીને મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આથી આરોપી– **(૧) પીન્ટુ પરસોતમભાઈ પટેલ (સી.આર.પી.સી.૨૯૯ મુજબ),(૨) સનદ ઉર્ફે લાલો રમેશભાઈ કો.પટેલ,**ઉ.વ.૨૮, રહે–ઘર નં.૨૪, દિવાળીનગર નાની દમણ **(૩) રમેશભાઈ ઉર્ફે રમેશ માઈકલ જગુભાઈ કો.પટેલ,** ઉ.વ.૪૬, રહે–ભીમપોર કુંડ ફળીયા, સંઘપ્રદેશ દમણનાઓને ધી ગુજરાત દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૨), ૮૧, ૯૮, ૯૯ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૪૮(૧) ની જોગવાઈ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓએ અગાઉ આપેલ જૂના જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કેસમાં મુદ્દામાલ પાવતી નં.૨૯/૨૦૧૫ થી કબ્જે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તથા મુદ્દામાલ ટ્રક અંગે થયેલ વચ્ચગાળાનો હુકમ કાયમ રાખવો અને જો હુકમ થયેલ ન હોય તો અલગથી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીએ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૪૩૭(એ) મુજબના જામીન રજુ રાખવા. જેનો અમલ હુકમની તારીખથી છ (૬) માસ સુધી અમલી રહેશે અને સમય પુરો થયેથી જામીન આપોઆપ રદ્દ થશે.

હુકમ આજ તા. ૦૯[મી] જુલાઈ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : નવસારી<br>
તારીખ : ૦૯/૦૭/૨૦૨૪

(મસ્કુરૂલ્લાહખાન ફિરોજખાન પઠાણ)<br>
બીજા એડીશનલ ચીફ જયુડીશીયલ<br>
મેજીસ્ટ્રેટ,નવસારી–જીજે.૦૧૨૩૬.